પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૨૨, સોમવાર; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ચારધામમાં વિક્રમી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટ્યા

## અત્યાર સુધીમાં ૮ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા : મે મહિના સુધીના રજિસ્ટ્રેશન માટેનો સ્લોટ પૂરો થયો : ચારધામમાં યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સરકારે તીર્થયાત્રીઓ માટેની ચોક્કસ સંખ્યા નક્કી કરી છે

દહેરાદૂન, તા.૨૨

અત્યાર સુધીમાં દેશ-વિદેશના લગભગ ૮ લાખ શ્રદ્ધાળુઓ ઉત્તરાખંડના ચારધામો બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના દર્શન કરી ચૂક્યા છે. ઓફિશિયલ સૂત્રોના જણાવ્યા મુજબ, મે મહિના સુધીના રજિસ્ટ્રેશન માટેનો સ્લોટ પૂરો થઈ ગયો છે. તારીખ ૨૨ મેથી શ્રી હેમકુંડ સાહિબ ગુરુદ્વારાના પણ કપાટ ખુલી રહ્યા છે. ચારધામમાં યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સરકારે તીર્થયાત્રીઓની ચોક્કસ સંખ્યા નક્કી કરી છે. જેમાં બદ્રીનાથ દર્શન માટે જતાં શ્રદ્ધાળુઓની સંખ્યા પ્રતિદિવસ ૧૬૦૦૦, કેદારનાથ માટે ૧૩૦૦૦, ગંગોત્રી માટે ૮૦૦૦, યમુનોત્રી અને હેમકુંડ સાહિબ માટે ૫૦૦૦-૫૦૦૦



શ્રદ્ધાળુઓની સંખ્યા પ્રતિ દિવસ નક્કી કરવામાં આવી છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ કહ્યું કે તમામ તીર્થયાત્રીઓ શાંતિપૂર્વક તીર્થયાત્રા કરે તે અમારી પ્રાથમિકતા છે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના હરીશ ગૌડે જણાવ્યું કે શુક્રવાર રાત સુધી પહોંચેલા સંપૂર્ણ તીર્થયાત્રીઓની સંખ્યા ૭,૭૫,૮૪૨ રહી જે રવિવાર સુધીમાં ૮ લાખ કરતા પણ વધારે થઈ જશે. હાલમાં જ એ પ્રકારે સમાચાર આવ્યા હતા કે અત્યારે ઉત્તરાખંડમાં ચારધામની યાત્રા માટે શ્રદ્ધાળુઓ દેશ-વિદેશમાંથી આવી રહ્યા છે. ત્યારે યાત્રા દરમિયાન ભોજન, પાણીની બોટલ અને રૂમ સહિતની કિંમત વધી હોવાના સમાચાર મળતાં જ પ્રશાસન એક્શનમાં આવ્યું છે. રાજ્યના મુખ્ય સચિવે જણાવ્યું કે ચારધામ આવતા યાત્રીઓ પાસેથી વધુ કિંમત વસૂલનારની ધરપકડ કરવી જોઈએ. કારણકે, એ પ્રકારે ફરિયાદ આવી છે કે યાત્રા દરમિયાન માર્ગમાં આવતી હોટેલ, રેસ્ટોરન્ટ અને દુકાનોમાં શ્રદ્ધાળુઓ પાસેથી ચીજવસ્તુઓની વધુ કિંમત વસૂલવામાં આવી રહી છે. ૫૦૦ રૂપિયાના રૂમની પથી ૧૦ હજાર સુધીની કિંમત વસૂલવામાં આવી રહી છે. જ્યારે ૨૦ રૂપિયાની પાણીની બોટલની ૧૦૦ રૂપિયા કિંમત વસૂલવામાં આવી રહી છે.

યાત્રાળુઓ માટે રાજ્ય સરકારે સુવિધાનું વિશેષ ધ્યાન રાખ્યું છે. જેમાં મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા પણ સામેલ છે. યાત્રાના માર્ગ પર ત્રણ તબક્કામાં સફાઈ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, ખાસ કરીને રાતના સમયે કચરો ઉઠાવવાનું કામ થઈ રહ્યું છે.

# પ્રધાનમંત્રી મોદી થોમસ કપના વિજેતાઓને મળ્યા

## તમે બધાએ દેશનું સૌથી મોટું સપનું પૂરું કર્યું : હજુ ઘણું રમવાનું-જીતવાનું બાકી છે : દેશ માટે રમવાનું છે અને ખીલવાનું છે : તમારી જીત પર દેશને ગર્વ : મોદી

નવી દિલ્હી, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે થોમસ કપના વિજેતાઓને મળ્યા હતા. તેમણે ખેલાડીઓને જણાવ્યું છે કે તમે ભારતના રાષ્ટ્ર ધ્વજનું માન અનેક ઘણું વધારી દીધું છે. ભારતે ઘણા વર્ષો બાદ થોમસ કપ જીત્યો છે. મને તમારા બધા પર ગર્વ છે. આ કોઈ નાની જીત નથી. થોમસ કપમાં દાયકાઓ પછી ભારતનો રાષ્ટ્ર ધ્વજ લહેરાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોમસ કપ જીતનાર ભારતીય બેડમિન્ટન ખેલાડીઓને કહ્યું, હું દેશ વતી સમગ્ર ટીમને અભિનંદન આપું છું. આ કોઈ નાની સિદ્ધિ નથી. કોઈપણ ટૂર્નામેન્ટમાં કોઈપણ નિર્ણાયક મેચ શ્વાસ અદ્ધર કરનાર હોય છે. તેના પર ખેલાડીઓએ કહ્યું કે મેચ પ્રથમ હોય કે છેલ્લી અમે હંમેશા દેશની જીત જોઈ છે. પીએમ મોદીએ કહ્યું કે હજુ ઘણું રમવાનું અને જીતવાનું બાકી છે. દેશ માટે રમવાનું છે અને ખીલવાનું છે. તમારી જીત પર દેશને ગર્વ છે.



નોંધનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે થોમસ કપ જીતીને ઈતિહાસ રચનારા ભારતીય બેડમિન્ટન ખેલાડીઓને તેમના સત્તાવાર નિવાસસ્થાન '૭ લોક કલ્યાણ માર્ગ' પર મળ્યા હતા. પીએમ ઉબર કપ જીતનાર ભારતીય બેડમિન્ટન ટીમને પણ મળ્યા હતા. થોમસ કપ અને ઉબર કપ જીતનાર ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ સાથેની વાતચીત દરમિયાન પીએમ

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદી ક્વાડ શિખર સંમેલનમાં સામેલ થશે

**મોદી ઓસ્ટ્રેલિયન સમકક્ષ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે : લગભગ ૪૦ કલાકના પોતાના પ્રવાસ દરમિયાન વિશ્વના ત્રણ નેતા સાથે બેઠક સહિત ૨૩ કાર્યક્રમોમાં સામેલ થશે**

નવી દિલ્હી, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાનમાં ૨૪ મે ના રોજ ક્વાડ શિખર સંમેલન માટે લગભગ ૪૦ કલાકના પોતાના પ્રવાસ દરમિયાન વિશ્વના ત્રણ નેતાઓ સાથે બેઠક સહિત ૨૩ કાર્યક્રમોમાં સામેલ થશે. આધિકારિક સૂત્રોએ આ જાણકારી આપી છે.

સૂત્રોએ જણાવ્યું કે મોદી ટોક્યોમાં ક્વાડ શિખર સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ઓસ્ટ્રેલિયા તથા જાપાનના પ્રધાનમંત્રીઓ સાથે સામેલ થશે. તેમણે કહ્યું કે પીએમ મોદી પોતાની યાત્રા દરમિયાન વેપાર, રાજનયિક અને સામુદાયિક વાતચીત કરશે.

સૂત્રોએ જણાવ્યું કે તે ૩૦થી વધારે જાપાની સીઈઓ અને સેંકડો ભારતીય પ્રવાસી સદસ્યો સાથે વાતચીત કરશે. પ્રધાનમંત્રી એક રાત ટોક્યોમાં પસાર કરશે અને બે રાત વિમાનમાં યાત્રા કરશે.

યુક્રેન પર રશિયાના હુમલા વચ્ચે યોજાઈ રહેલા શિખર સંમેલન દરમિયાન પીએમ મોદી બાઈડેન અને જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો ફિશિદા સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. પીએમ મોદી ઓસ્ટ્રેલિયન સમકક્ષ સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરશે.

# સા.આફ્રિકા સામે T20 સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

## ટીર૦નું સુકાનીપદ કેએલ રાહુલને સોંપવામાં આવ્યું

મુંબઈ, તા.૨૨

BCCI દ્વારા રવિવારની સાંજે સાઉથ આફ્રિકા સામે રમાનારી



ઘરેલુ ટી૨૦ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દેવામાં આવી છે.

ટીમ ઈન્ડિયાના સિલેક્શનમાં IPLનો મોટો ફાળો જોવા મળે છે. IPLમાં પોતાની બોલિંગથી લોકોને ચોંકાવી દેનાર ઉમરાન મલિકને ટી૨૦ સ્ક્વોડની ટીમ ઈન્ડિયામાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે ટી૨૦નું સુકાનીપદ કેએલ રાહુલને સોંપવામાં આવ્યું છે. IPLના ઠીક ૯ દિવસ બાદ સાઉથ આફ્રિકા સામે પાંચ મેચોની ટી૨૦ સીરિઝ રમાશે. સીનિયર્સ ખેલાડીઓને આ સીરિઝમાં આરામ આપવામાં આવ્યો છે. કેમ કે તમામ ઈંગ્લેન્ડમાં ૧ જુલાઈથી રમાનાર ફાઈનલ ટેસ્ટની તૈયારીમાં લાગેલાં હશે. આ મેચ ગત વર્ષે રમાયેલ પાંચ મેચોની ટેસ્ટ સીરિઝનો ભાગ છે, જેમાં કોરોનાને કારણે એક મેચ પોસ્ટપોન કરી દેવામાં આવી હતી. જે બાદ ભારે વિવાદ થયો હતો. ટેસ્ટ ટીમ માટે રોહિતને કેપ્ટન બનાવાયો છે.

સાઉથ આફ્રિકા સામેની સીરિઝ માટે ભારતીય ટીમમાં IPLમાં શાનદાર પ્રદર્શન કરનાર ઉમરાન મલિક ઉપરાંત અર્શદીપ સિંહને પણ ટીમમાં સામેલ કરાયો છે. રોહિત શર્મા, વિરાટ કોહલી, રિષભ પંત અને જસપ્રિત બુમરાહ જેવા સીનિયર ખેલાડીઓને બે મહિનાની આઈપીએલ બાદ સાઉથ આફ્રિકાની સીરિઝ માટે આરામ આપવામાં આવ્યો છે. રોહિત શર્માની ગેરહાજરીમાં કેએલ રાહુલને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

# ભાજપના ઉપાધ્યક્ષ અર્જુન સિંહ ટીએમસી સાથે જોડાયા

## ભાજપના ઘણા નેતા પાર્ટી છોડી ટીએમસીમાં જોડાયા છે : એક વરિષ્ઠ પદ પર રહેવા છતાં તેમને પ્રદેશ નેતૃત્વ યોગ્ય રીતે કામ કરવાની પરવાનગી આપી રહ્યું નથી : અર્જુનસિંહ

નવી દિલ્હી, તા.૨૨

પશ્ચિમ બંગાળમાં ગત વિધાનસભા ચૂંટણી બાદથી ભાજપ માટે કંઈપણ સારું થઈ રહ્યું ન હતું. ભાજપના ઘણા નેતા પાર્ટીનો સાથ છોડીને ટીએમસીના થઈ ચૂક્યા છે. આ કડીમાં આજે રવિવારે વધુ એક મોટા નેતાનું નામ સામેલ થઈ ગયું છે. રાજ્યમાં ભાજપના ઉપાધ્યક્ષ અર્જુન સિંહે પાર્ટીથી નારાજ હોવાથી ટીએમસી સાથે જોડાયા છે. તમને જણાવી દઈએ આ પહેલાં અર્જુન સિંહે નિવેદન જાહેર કરી કહ્યું હતું કે સંગઠનમાં એક વરિષ્ઠ પદ પર રહેવા છતાં તેમને પ્રદેશ નેતૃત્વ યોગ્ય રીતે કામ કરવાની પરવાનગી આપી રહ્યું નથી.



પશ્ચિમ બંગાળ ભાજપના ઉપાધ્યક્ષ અર્જુન સિંહે સંગઠનમાં એક વરિષ્ઠ પદ પર રહેવા છતાં તેમણે યોગ્ય રીતે કામ ન કરવા દેવાની પરવાનગી ન આપવાની વાત કહી છે. તેમણે રાજ્યમાં ભાજપના નેતૃત્વને લઈને સવાલ ઉઠાવ્યા છે. સૂત્રોએ કહ્યું કે તેમણે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માં જોડાવવાની સંભાવના છે.

અર્જુન સિંહની ટીપ્પણી શુક્રવારે કેન્દ્ર સરકાર દ્વારા જથ્થાબંધ ભાવને ૬,૫૦૦ રૂપિયા ક્વિંટલ પર સીમિત કરવાના નોટિફિકેશનને પરત લેવાની જાહેરાત બાદ આવી છે. તેને લઈને લઈને અર્જુન સિંહ અને અન્ય ઉદ્યોગ હિતધારક ગત કેટલાક દિવસોથી માંગ કરી રહ્યા હતા.

અર્જુન સિંહે કહ્યું કે હું તાજેતરમાં જ અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી અને તેમણે રાજ્ય એકમ સ્થિતિ વિશે જણાવ્યું. સમર્પિત કાર્યકર્તાઓને તેમની યોગ્ય માન્યતા આપવામાં આવતી નથી.

# લગ્નના બંધનમાં બંધાઈ જશે ફાસ્ટ બોલર દીપક ચહર

## IPLમાં હજારોની ભીડ વચ્ચે ગર્લફ્રેન્ડને કર્યું હતું પ્રપોઝ : ચહરના જયા ભારદ્વાજ સાથે એક જૂનના રોજ લગ્ન થશે પરિવારના સભ્યો સિવાય ગણતરીના લોકોને જ આમંત્રણ



મુંબઈ, તા.૨૨

ચેન્નાઈ સુપર કિંગ્સના સ્ટાર ફાસ્ટ બોલર દીપક ચહરના ઘરે ટૂંક સમયમાં શરણાઈ વાગવાની છે. દીપક ચહર જૂન મહિનાની પહેલી તારીખે ગર્લફ્રેન્ડ જયા સાથે લગ્નના બંધનમાં બંધાઈ જશે. લગ્નમાં પરિવારના લોકો જ હાજર રહેવાના છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે દીપક ચહરે આઈપીએલની એક મેચ પછી પેવેલિયનમાં જઈને ગર્લફ્રેન્ડ જયાને પ્રપોઝ કર્યુ હતું.

ચેન્નાઈ સુપર કિંગ્સના સ્ટાર ફાસ્ટ બોલર દીપક ચહર ગર્લફ્રેન્ડ જયા ભારદ્વાજ સાથે એક જૂનના રોજ લગ્નના બંધનમાં બંધાઈ જવાનો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, આ લગ્નમાં પરિવારના સભ્યો સિવાય ગણતરીના લોકોને જ આમંત્રણ મોકલવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# હવે ચીનને છોડીને ભારત આવવાની તૈયારીમાં એપલ

## નિર્માણ અને વેપારની સંભાવનાઓ પર વિચાર : છઁટ્ઠી પોતાના ઘણા અનુબંધ નિર્માતાઓને નિર્દેશ આપ્યો છે કે તે ચીનની બહાર ઉત્પાદન વધારવા માંગે છે

નવી દિલ્હી, તા.૨૨

ઉદ્યોગ અને નિર્માણ જગતમાં ભારત ઝડપથી ઉભરી રહ્યું છે. કોરોના કાળ પછી જ્યાં દુનિયાભરના બજારમાં કોહરામ મચેલો છે આવામાં ભારત અર્થવ્યવસ્થાના મામલે સતત આગળ વધી રહ્યું છે. તેનું પરિણામ એ આવી રહ્યું છે કે બધી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓની નજરમાં ભારતમાં રોકાણ માટે સુરક્ષિત બજાર બની રહ્યું છે.

ઘણી મોટી કંપનીઓ અન્ય દેશમાંથી પોતાનો વેપાર સમેટીને ભારતમાં લાવવાના પ્રયત્નમાં છે. તાજો મામલો ટેક જગતની દિગ્ગજ કંપની એપલ સાથે જોડાયેલો છે. જાણકારી મળી છે કે એપલ ચીનથી પોતાના ઉત્પાદનને બીજા દેશમાં ટ્રાન્સફર કરવા પર વિચાર કરી રહ્યું છે અને તેમને ભારતમાં એક સારો વિકલ્પ જોવા મળી રહ્યો છે.

છઁટ્ઠી પોતાના ઘણા અનુબંધ નિર્માતાઓને નિર્દેશ આપ્યો છે કે તે ચીનની બહાર ઉત્પાદન વધારવા માંગે છે. વોલ સ્ટ્રીટ જર્નલના મતે ખબર પડી છે કે એપલ ભારત અને વિયેતનામમાં પોતાનો વેપાર સ્થાપિત કરવાની સંભાવનાઓ પર વિચાર અને અધ્યયન કરી રહ્યું છે. ભારત અને વિયેતનામમાં હાલ એપલના વૈશ્વિક ઉત્પાદનની ઘણી ઓછી ભાગીદારી છે. અંદાજ પ્રમાણે સ્વતંત્ર નિર્માતા ચીનમાં ૯૦ ટકાથી વધારે એપલ ઉત્પાદન જેમ કે આઈફોન (ઁર્હીજ), આઈપેડ (ઁટ્ઠઙ્ઘજ)અને મેકબુક (સ્ટ્ઠષ્ઠર્મ્) કમ્પ્યુટરોનું નિર્માણ કરે છે.

ગત મહિને એપલના સીઈઓ ટીમ કુકે કહ્યું હતું કે તેમની આપૂર્તિ શ્રુંખલા વાસ્તવમાં વૈશ્વિક છે અને તેથી ઉત્પાદ દરેક સ્થાને બનાવવામાં આવે છે. તેમણે એ પણ કહ્યું કે તે અન્ય દેશોમાં સંભાવનાઓ પર સતત વિચાર કરી રહ્યા છે.

જાણકારો જણાવે છે કે કેટલાક સમયથી એપલના વરિષ્ઠ અધિકારી સતત એ મુદ્દા પર ચર્ચા કરી રહ્યા છે.

"શિવરંજની"

"સુવર્ણજ્યંતિ વર્ષ" ૨૦૨૨-૨૩ના પ્રારંભે

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી

વિશ્વવિખ્યાત લોકગાયક તા.૦૪/૦૬/૨૦૨૨ના રોજ

"ઓસમાન મીર",

"મન મોર બની થનગાટ કરે"

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત
લોકડાયરા - લોકસંગીત - ગઝલની રમઝટ
તથા દેશભક્તિના ગીતો અને શૌર્યગીતો

| | |
|---|---|
| ગૃપ - વિશેષ સહકાર | રૂ.૨૨૦૦/- પ્રતિવ્યક્તિ ( A, B, C અને D રોટેશનથી) |
| ગૃપ - A | રૂ.૧૨૦૦/- પ્રતિવ્યક્તિ ( E થી L રોટેશનથી) |
| ગૃપ - B | રૂ. ૬૦૦/- પ્રતિવ્યક્તિ (M થી વહેલા તે પહેલાના ધોરણે ) |

સભ્યપદ માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી જયરાજસિંહ સરવૈયા- ૯૮૨૫૨ ૫૩૯૩૩ (સે.૨/A) | શ્રી ગુંજનભાઇ વ્હોરા - ૯૮૭૯૦ ૨૯૫૧૧ (સે.૫/A) |
| શ્રી પિનાકીન વ્યાસ - ૯૯૦૪૧ ૫૮૩૬૯ (સે.૪/C) | શ્રી મમતા રાવલ - ૯૮૭૯૫ ૨૮૭૨૨ (સે.૭/D) |
| શ્રી ભાવિન પટેલ - ૯૮૭૯૦૫૭૫૫૬ (સે.૨૭) | શ્રી દર્પણ બૂચ - ૯૮૨૫૨ ૬૭૦૬૧ (સે.૨૮) |
| શ્રી ઉમાબેન ભટ્ટ - ૯૯૦૪૧ ૫૮૩૬૯ (સે.૨૨) | અન્ય તમામ કારોબારી સભ્યો |

વર્ષમાં ડાયરો, ગઝલ, ગુજરાતી સુગમ સંગીત, જુના ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત જેવા કાર્યક્રમો.

તમામ ગ્રૃપમાં સભ્યપદ નોંધણી ચાલુ.

વાગ્મિન બૂચ
પ્રમુખ, શિવરંજની,
૯૯૦૯૯ ૦૦૬૫૦, ૯૯૭૮૪ ૦૬૩૮૯(સે.૭/A)

તા.ક. સંસ્થાના ઓડીટેડ હિસાબો દર વર્ષે ઉપલબ્ધ હોય છે.